આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપનો મોટો સપાટો | ખેતરની આડમાં ચાલતો ગાંજાનો વેપલો પકડાયો

# સારસામાં ગાંજાના વાવેતરનો પર્દાફાશ ૨૨.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

**ગુલાબપુરા** વિસ્તારમાં ગાંજાના ૮૧ છોડ અને સૂકો જથ્થો મળી કુલ ૪૪.૦૪૬ કિલો નશીલા પદાર્થ સાથે એક શખ્સની ધરપકડ



(પ્રતિનિધિ) આણંદ તા.૧૫


આણંદ જિલ્લામાં નશાના વેપાર અને સેવનને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસ અધિક્ષક જી.જી. જસાણીની સૂચના હેઠળ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે સપાટો બોલાવ્યો છે. ચોક્કસ બાતમીના આધારે આણંદ તાલુકાના સારસા ગામમાં દરોડો પાડી પોલીસે ખેતરના માલિક દ્વારા કરવામાં આવેલા ગાંજાના ગેરકાયદે વાવેતરને ઝડપી પાડી ૨૨ લાખથી વધુની કિંમતનો માદક પદાર્થ જપ્ત કર્યો છે.

આણંદ જિલ્લામાં અસામાજિક તત્વો દ્વારા નશાકારક પદાર્થોના થતા વેચાણ સામે લાલ આંખ કરતા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઇન્સ્પેક્ટર જે.એમ. ચાવડા અને તેમની ટીમે સફળ ઓપરેશન પાર પાડ્યું છે. એસઓજીના અહે. કો. ગોપાલભાઈ અને અહે.કો. ઘનશ્યામસિંહને સંયુક્ત બાતમી મળી હતી કે સારસા ગામના ગુલાબપુરા વિસ્તારમાં રહેતો ભલાભાઈ હરમાનભાઈ ઠાકોર પોતાના ખેતરમાં ગાંજાના છોડનું ગેરકાયદે વાવેતર કરી તેનું છૂટક વેચાણ કરે છે.

આ બાતમીના આધારે એસઓજીની ટીમે ખેતરમાં રેડ કરી તપાસ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. ખેતરમાં વગર પાસ-પરમિટના ગાંજાના કુલ ૮૧ નંગ છોડ મળી આવ્યા હતા, જેનું વજન ૪૩.૦૩ કિલોગ્રામ અને કિંમત અંદાજે ૨૧,૫૧,૫૦૦/- રૂપિયા થાય છે. આ ઉપરાંત, ખેતર અને મકાન પાસે સૂકવવા માટે મુકેલો ૧.૦૧૬ કિલોગ્રામ સૂકો ગાંજો પણ મળી આવ્યો હતો.

આ કાર્યવાહીમાં પોલીસે સ્થળ પરથી કુલ ૪૪.૦૪૬ કિલોગ્રામ વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો, જેની કુલ કિંમત રૂ. ૨૨,૧૧,૦૦૦/- થાય છે, તે કબજે કર્યો છે. આરોપી ભલાભાઈ હરમાનભાઈ ઠાકોર વિરુદ્ધ ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસની વધુ તપાસ ખંભોળજ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટરને સોંપવામાં આવી છે.

## વડતાલધામમાં અધિક માસની પૂર્ણાહુતિ: ૩ હજાર કિલોનો છપ્પન ભોગ અને કેસર અભિષેક યોજાયો



વડતાલમાં પવિત્ર અધિક માસની પૂર્ણાહુતિ નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે મંદિરમાં બિરાજતા દેવોને ૩૦૦૦ કિલો વિવિધ વાનગીઓ સાથેનો 'છપ્પન ભોગ' અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો, જેના દર્શન માટે હજારો હરિભક્તો ઉમટી પડ્યા હતા. સોમવતી અમાસના પવિત્ર દિવસે લાલજી મહારાજ સૌરભપ્રસાદજીના હસ્તે દેવોનો કેસર અભિષેક કરવામાં આવ્યો હતો. આ સાથે જ અશોકભાઈ રમણભાઈ પટેલ (હાલોલ)ના યજમાનપદે ચાલતા માસિક શ્રીહરિયાગની પૂર્ણાહુતિ થઈ હતી. સંસ્થા દ્વારા ખેડાના ભૂદેવો માટે બ્રહ્મચોર્યાસીનું પણ આયોજન કરાયું હતું.

# બોરસદ નગરપાલિકાની વિવિધ કમિટીના ચેરમેનની વરણી કરાઈ

**અઢી વર્ષની** મુદત માટે ૧૧ મહત્વપૂર્ણ કમિટીઓના અધ્યક્ષોની નિમણૂક



(પ્રતિનિધિ) બોરસદ તા ૧૫

બોરસદ નગરપાલિકામાં એક વર્ષની મુદત માટે વિવિધ સ્થાયી અને વિષયવાર કમિટીઓના ચેરમેનની વરણી કરવામાં આવી છે. તા. ૧૫ જૂન ૨૦૨૬થી અમલમાં આવતી આ નિમણૂકો દ્વારા પાલિકાના વહીવટી અને વિકાસલક્ષી કાર્યોને વધુ ગતિ મળે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બોરસદ નગરપાલિકાના પ્રમુખ તરીકે પુર્વિ સંજયકુમાર પટેલ, ઉપપ્રમુખ તરીકે સુરેશભાઈ પરમાર, શાસક પક્ષના નેતા તરીકે મહેશકુમાર પુનમભાઈ ઠાકોર તથા દંડક તરીકે જયમીનીબેન દસરથભાઈ પટેલ કાર્યરત છે.

નવી રચાયેલી કમિટીઓમાં કારોબારી કમિટીના ચેરમેન તરીકે યશોધરાબેન ભટ્ટની વરણી કરવામાં આવી છે. બાંધકામ (રોડ) કમિટીના અધ્યક્ષ તરીકે હંસાબા ગંભીરસિંહ સરવૈયા, ડ્રેનેજ કમિટીના અધ્યક્ષ તરીકે અમિતકુમાર જીતુભાઈ પટેલ, વીજળી કમિટીના અધ્યક્ષ તરીકે વર્ષાબેન પ્રવીણભાઈ પરમાર અને સેનિટરી કમિટીના અધ્યક્ષ તરીકે કાજલ અમિતકુમાર રાણાની પસંદગી કરવામાં આવી છે.

આ ઉપરાંત ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન તરીકે પિયુષકુમાર હરિભાઈ પરમાર, રમત-ગમત કમિટીના અધ્યક્ષ તરીકે રેશ્માબેન પટેલ, નેશનલ લાઈવલીહૂડ મિશન કમિટીના અધ્યક્ષ તરીકે રંજનબેન કાન્તિલાલ ઠાકોર, બાગ-બગીચા કમિટીના અધ્યક્ષ તરીકે દક્ષાબેન મહેશભાઈ પરમાર, ટ્રાન્સપોર્ટ કમિટીના અધ્યક્ષ તરીકે શહેબાજભાઈ વ્હોરા તેમજ વોટર વર્ક્સ કમિટીના અધ્યક્ષ તરીકે શૌકતખાન પઠાણની વરણી કરવામાં આવી છે.

# ખાનપુરના ભુવાભારમાં વૃદ્ધ પર મગરનો હુમલો

**ભાદર** ડેમના પાણીમાં પશુ ચરાવવા ગયેલા વૃદ્ધ પર મગરે કર્યો હુમલો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૫

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ભુવાભાર ગામે ભાદર ડેમના પાણીમાં ભેંસો ચરાવવા ગયેલા એક વૃદ્ધ પર મગરે જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધને 108 ઈમર્જન્સી સેવાની વડાગામ ટીમે સમયસૂચકતા વાપરી સ્થળ પર જ સારવાર આપી હોસ્પિટલ ખસેડી નવજીવન આપ્યું છે.

ખાનપુરના ભુવાભાર મેડા ફળિયાના રહેવાસી એક વૃદ્ધ પોતાની ભેંસોને ચરાવવા માટે ભાદર ડેમના પાણીમાંથી સામે કાંઠે જઈ રહ્યા હતા. આ દરમિયાન પાણીમાં રહેલા મગરે તેમના ડાબા પગ પર હુમલો કરતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. પરિવાર દ્વારા તાત્કાલિક 108નો સંપર્ક સાધતા વડાગામ 108 ટીમના EMT સુરેશ પંચાલ અને પાયલોટ રાજેશભાઈ વાળંદ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. 108ની ટીમે પેશન્ટની તપાસ કરી તાત્કાલિક લોહી વહેતું અટકાવી, સ્પીન્ટ બાંધી જરૂરી વાઈટલ લીધા હતા. બાદ ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટરના ફિઝિશિયન ડો. જે. ડી. પટેલની સલાહ મુજબ ઈન્જેક્શન અને બોટલ ચઢાવી વૃદ્ધને વધુ સારવાર માટે કોટેજ હોસ્પિટલ ખાતે શિફ્ટ કરવામાં આવ્યા હતા. 108 સેવાની સમયસૂચકતા અને તાલીમબદ્ધ કર્મચારીઓની કામગીરીને કારણે આજે એક માનવીય જિંદગી બચી ગઈ છે.

# આણંદના રોકડીયા હનુમાનજી મંદિર ખાતે મારૂતિયજ્ઞ યોજાયો

**લક્ષ્મીનારાયણ** વિવાહ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ



(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

આણંદ શહેરના રોકડીયા હનુમાનજી મંદિર ખાતે પવિત્ર અધિક પુરુષોત્તમ માસના ઉપલક્ષમાં કાળીચૌદશના પર્વ પર વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના મહંત અને વહીવટકર્તાઓના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ મહોત્સવમાં મારૂતિયજ્ઞ અને લક્ષ્મીનારાયણ દેવના વિવાહ મહોત્સવનું વિશેષ આકર્ષણ રહ્યું હતું.

આણંદ શહેરના રોકડીયા હનુમાનજી મંદિર ખાતે અધિક જેઠ વદ-૧૪ (કાળીચૌદશ) ના પવિત્ર દિવસે મહંત પ.પૂ. સદ્ ભક્તવત્સલ દાસજીના આયોજન હેઠળ વિશેષ મહોત્સવ ઉજવાયો હતો. મંદિરના વહીવટકર્તા હરિકૃષ્ણભાઈ પટેલ (રોકડીયા) ના જણાવ્યા અનુસાર, દિવસની શરૂઆત સવારે ૮:૩૦ કલાકે મારૂતિયજ્ઞથી કરવામાં આવી હતી. બાદમાં સવારે ૯:૩૦ કલાકે રાજોપચાર વિધિ દ્વારા હનુમાનજીનું વિશેષ પૂજન સંપન્ન થયું હતું. સાંજના સમયે ભગવાન લક્ષ્મીનારાયણ દેવનો વિવાહ મહોત્સવ અત્યંત ધામધૂમ પૂર્વક અને ભક્તિમય વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. આ ધાર્મિક પ્રસંગે આણંદ અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. ભક્તોએ દર્શનની સાથે સાથે બંને સમયના મહાપ્રસાદનો પણ લાભ લીધો હતો. આમ, સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ચારુસેટ યુનિવર્સિટી દ્વારા 12 દિવસ, 12 મિનિટ, 12 સ્ટેપ્સ ' સૂર્યનમસ્કાર અભિયાનનું આયોજન કરાયું

**આણંદ |** આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2026 નિમિત્તે ચારુસેટમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં સ્વાસ્થ્ય જાગૃતિ લાવવા માટે 12 દિવસીય વિશેષ સૂર્યનમસ્કાર અભિયાનનો સફળ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં સૂર્યનમસ્કારના 12 સોપાન, મંત્રોચ્ચાર અને શ્વાસોચ્છ્વાસની વૈજ્ઞાનિક પદ્ધતિ સાથે તેનાથી થતા શારીરિક અને માનસિક લાભો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અને રજિસ્ટ્રારના માર્ગદર્શન હેઠળ આયોજિત આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સૂર્યનમસ્કારને જીવનનો ભાગ બનાવી સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ લીધો હતો.



### આણંદમાં 'સ્વનિધિ મહોત્સવ' અને 'જન કલ્યાણ શિબિર' અંતર્ગત લાભાર્થીઓને સહાયનું વિતરણ




**આણંદ |** કરમસદ - આણંદ મનપા દ્વારા ધારાસભ્ય યોગેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં પીએમ સ્વનિધિ મહોત્સવ અને જન કલ્યાણ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યના હસ્તે ફેરિયાઓને રૂ. ૧૫ હજારથી ૫૦ હજાર સુધીની લોન સહાય, ક્રેડિટ કાર્ડ, આયુષ્માન કાર્ડ અને ગંગા સ્વરૂપા આર્થિક સહાયના લાભો એનાયત કરાયા હતા. આ શિબિરમાં નિષ્ણાતો દ્વારા ફેરિયાઓને ખાદ્ય સુરક્ષા, સ્વચ્છતા અને નાણાકીય સાક્ષરતા અંગે માર્ગદર્શન આપી વિવિધ સરકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદના વૃદ્ધાશ્રમમાં વિશ્વ વૃદ્ધ દુરુપયોગ જાગૃતિ દિવસ નિમિત્તે વિશેષ કાનૂની શિબિર યોજાઈ




**નડિયાદ |** ખેડા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા 'વરિષ્ટજન અધિકાર, સશક્તિકારણ અને ગરિમા' અભિયાન હેઠળ વડીલોના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેક્રેટરી જે. જે. જાદવ દ્વારા વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણના કાયદા-૨૦૦૭ તેમજ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની વિવિધ સહાય યોજનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું હતું. આ શિબિરમાં વડીલોને મફત વકીલ સહાય મેળવવાની પાત્રતા, સાયબર ક્રાઇમથી સુરક્ષાના ઉપાયો અને અભયમ ૧૮૧ જેવી હેલ્પલાઇન સેવા વિશે માહિતગાર કરાયાં હતાં.

### કપડવંજમાં સવાસો પરગણા વણકર સમાજની સાધારણ સભામાં નવા હોદ્દેદારોની વરણી કરાઇ

**કપડવંજ |** કપડવંજ સમાજ ભવન ખાતે સતિષચંદ્ર પટેલના અધ્યક્ષસ્થાને મંડળની ખાસ સાધારણ સભા યોજાઈ હતી, જેમાં દીપ પ્રાગટ્ય અને ડો. બાબાસાહેબ આંબેડકરની છબીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ સભામાં મંડળના નવનિયુક્ત પ્રમુખ તરીકે ગીરીશભાઈ મકવાણા, મંત્રી તરીકે ગોવિંદભાઈ વણકર અને ખજાનચી તરીકે બાબુભાઈ વણકરની નિમણુંક કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ રાજુભાઈ તથા સમાજના વિવિધ હોદ્દેદારો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુક્ત હોદ્દેદારોએ સમાજ સેવા અને પ્રગતિના કાર્યોને વેગ આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.



### કપડવંજમાં વડાપ્રધાનના સુશાસનના ૧૨ વર્ષની ઉજવણી નિમિત્તે જન કલ્યાણ શિબિર યોજાઈ

**કપડવંજ |** ફતિયાવાદ ગામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે 'જન કલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. સરકારની જનહિતલક્ષી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે અને 'વિકસિત ગુજરાત ૨૦૪૭'નો સંકલ્પ સાકાર થાય તેવો હેતુ આ કાર્યક્રમમાં વ્યક્ત કરાયો હતો. આ શિબિરમાં તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સદસ્યો અને વહીવટી અધિકારીઓની હાજરીમાં વિકાસલક્ષી જનભાગીદારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.



### કઠલાલમાં સિનિયર સિટીઝન ક્લબના કાર્યાલયનો પ્રારંભ કરવામાં આવ્યો

**કઠલાલ |** મુખ્ય બજારમાં આવેલી વિશા ખડાયતા વાડી ખાતે પ્રમુખ શ્રી બીપીનભાઈ શાહના હસ્તે સિનિયર સિટીઝન ક્લબના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થા દ્વારા પર્યાવરણ જાળવણી અર્થે ચકલીના માળા તથા કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ક્લબને સેવાકીય હેતુ માટે દાતાઓ તરફથી બેડ, વ્હીલચેર, વોકર અને સ્ટીક જેવા જરૂરી સાધનો પણ અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ક્લબના હોદ્દેદારો અને કારોબારી સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



### કપડવંજમાં બ્રહ્માકુમારીઝ દ્વારા ભવ્ય શાંતિ યાત્રા અને યોગ-મેડિટેશનનો કાર્યક્રમ યોજાયો

**કપડવંજ |** કપડવંજમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા મૌન અવસ્થામાં શાંતિનો સંદેશ આપવા માટે ભવ્ય શાંતિ પદયાત્રા અને યોગાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારી માલા બેને ફિઝિકલ ફિટનેસ માટે યોગા અને માનસિક શાંતિ માટે અંતરમુખી બનવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન નગરપાલિકા પ્રમુખ સેજલબેન પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમને સમાજ સેવા માટે આશીર્વાદ આપવામાં આવ્યા હતા. પ્રભુ પ્રેમના ગીતો અને મેડિટેશન સાથે નીકળેલી આ યાત્રામાં સફેદ વસ્ત્રધારી સાધકોએ નગરજનોમાં શાંતિના દિવ્ય પ્રકંપનો ફેલાવ્યા હતા.



### ખેડા મુક્તજીવન સ્વામીબાપા પ્રાગટ્ય ધામ ખાતે ભવ્ય હોમાત્મક યજ્ઞ અને સેવાકાર્ય યોજાયું



**ખેડા |** અધિક જેઠ માસ નિમિત્તે વિશ્વકલ્યાણ અર્થે ૯,૬૦૦થી વધુ 'જનમંગલ' પાઠના અનુષ્ઠાનની પૂર્ણાહુતિ સ્વરૂપે ભવ્ય હોમાત્મક યજ્ઞ સંપન્ન થયો હતો. આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી યોજાયેલા આ પ્રસંગમાં શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. આ અવસરે ભક્તિ સાથે માનવસેવા કાજે ૨૦ જેટલા જરૂરિયાતમંદ ગરીબ વિદ્યાર્થીઓને સંતોના હસ્તે શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવી હતી. આ યજ્ઞ બાદ આરતી અને મહાપ્રસાદના આયોજનમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ જોડાઈને દિવ્ય શાંતિની અનુભૂતિ કરી હતી.

### સંતરામપુર જનરલ હોસ્પિટલ ખાતે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરાયું



**સંતરામપુર |** સંતરામપુર શહેરની જનરલ હોસ્પિટલ ખાતે તાજેતરમાં એક ભવ્ય રક્તદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં સ્થાનિક લોકોએ ઉત્સાહપૂર્વક જોડાઈને રક્તદાન કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. હોસ્પિટલના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં રક્તદાતાઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. આ પ્રસંગે તસવીરકાર ઈનદૂવદન વ. પરીખ દ્વારા રક્તદાન કેમ્પની વિશેષ ક્ષણોને કવર કરવામાં આવી હતી.

### ડાકોર બ્રહ્માકુમારીઝ દ્વારા 'શાંતિ અને યોગ માટે ચાલો 'ની થીમ સાથે ભવ્ય રેલી યોજાઇ



**ડાકોર |** વિશ્વ યોગ દિવસ અંતર્ગત ડાકોર બ્રહ્માકુમારીઝ દ્વારા રવિવારે 'વોક ફોર પીસ એન્ડ યોગા' રેલી યોજવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનો જોડાયા હતા. સફેદ વસ્ત્રોમાં સજ્જ સાધકોએ મેડિટેશન અને યોગ દ્વારા જન સમુદાયને જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્વ સમજાવ્યું હતું. બ્રહ્માકુમારી અર્પિતાબેને દરેક વ્યક્તિ તંદુરસ્ત બને અને વિશ્વમાં શાંતિ ફેલાય તેવી શુભેચ્છા પાઠવી સૌને મનથી સ્વસ્થ રહેવાનો સંદેશ આપ્યો હતો. આ રેલી કેન્દ્રથી શરૂ થઈ ગાંધીજી સ્ટેચ્યુ થઈ વિશ્વકર્મા મંદિરે પહોંચી હતી, જ્યાં સર્વના મંગલની પ્રાર્થના સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.

### ચરોતરના જાદુગરનું શ્રીલંકા ઇન્ટરનેશનલ મેજિક ફેસ્ટિવલમાં દ્વિતીય પુરસ્કાર એનાયત

**આણંદ |** કોલંબોમાં આયોજિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સુનિલ રાવલે દ્વિતીય સ્થાન મેળવી દેશ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. વિવિધ દેશોના જાદુગરો વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં રાવલના અનોખા પ્રદર્શનની જજ મંડળ દ્વારા ભારે પ્રશંસા કરાઈ હતી. તેમની આ આંતરરાષ્ટ્રીય સિદ્ધિ અને કલા પ્રત્યેના સમર્પણ બદલ શુભેચ્છકો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

